અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ માટે ખાનગી મકાન ભાડે રાખવા સત્તા સંલગ્ન સૂચનાઓ/ચેકલિસ્ટ પરિપત્રિત બાબત

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પરિપત્ર ક્રમાંક: **SJED/MSM/e-file/17/2026/1570/G**

સચિવાલય, ગાંધીનગર

તા. ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા</u> :

(૧) નાણાવિભાગનો પરિપત્ર ક્રમાંક: મકન/૧૦૨૦૧૪/૧૧૮૧/ઝ, તા.૧૨/૦૯/૨૦૧૪

(૨) અત્રેના વિભાગનો પત્ર ક્રમાંક: સકછ-૧૦૧૬-૩૯૦૬૯૦-ગ, તા.૨૩/૧૧/૨૦૧૬

<u>આમુખ</u> :

૧. મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો – ૧૯૫૯ના નિયમ-૧૪૭ની જોગવાઈ તેમજ નાણાકીય સત્તાસોંપણી નિયમો – ૧૯૯૮ના પ્રકરણ – ૪ મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો હેઠળની સત્તાઓ વિભાગ – ૧ આકસ્મિક ખર્ચ કરવાની સત્તાઓ નિયમ – ૩૬(૧૯) તથા તે હેઠળની શરતો અનુસાર જુદા જુદા સરકારી વહીવટી વિભાગ દ્વારા ખાનગી મકાન ભાડે રાખવા મંજૂરી આપવામાં આવે છે. તેમજ આ નિયમો હેઠળ વહીવટી વિભાગ/ખાતાના વડા/કચેરીના વડાને સત્તા સોપવામાં આવેલ છે.

૨. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ના પ્રકરણ-૪ મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો હેઠળની સત્તાઓ વિભાગ-૧ આકસ્મિક ખર્ચ કરવાની સત્તાઓ નિયમ-૩૬ (૧૯)ની જોગવાઈ હેઠળ; અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળા માટે ખાનગી મકાન ભાડે રાખવા બાબતે જો મકાન ભાડુ માસિક રૂ.૫૦,૦૦૦/- સુધી હોય તો વહીવટી વિભાગને અને જો મકાનભાડુ માસિક રૂ.૫૦,૦૦૦/- થી વધતુ હોય તો નાણા વિભાગને દરખાસ્ત રજૂ કરવામાં આવતી હોય છે.

૩. વંચાણે લીધેલા ક્રમાંક - (૨) પરના વિભાગના તા.૨૩/૧૧/૨૦૧૬ના અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના સરકારી સંસ્થાઓ માટે ભાડે રખાયેલ ખાનગી મકાન માટે ભાડુ ચુકવવાની વાર્ષિક ધોરણે એકવાર મંજૂરી આપવામાં આવ્યા પછી જો ભાડામાં કોઈ પણ પ્રકારનો વધારો કરવાનો ન હોય તો તેમજ એ જ મકાનમાં ભાડા પેટે સંસ્થા કાર્યરત રાખવાની થતી હોય ત્યારે વિભાગકક્ષાએ ફરીવાર મંજૂરી લેવાની જરૂર નથી તેમ નિયત કરવામાં આવેલ. આમ,સદર બાબતની સત્તા ખાતાના વડાને સોંપવામાં આવેલ હતી.

<u>પરિપત્ર</u> :

૧. કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ વિભાગના તા.૨૩/૧૧/૨૦૧૬ના પત્રથી સરકારી સંસ્થાઓ માટે મકાનના ભાડા અંગે ખાતાના વડાને સોપવામાં આવેલ સત્તા આથી રદ કરવામાં આવે છે.

૨. ઘણા કિસ્સાઓમાં ક્ષેત્રીય કચેરીઓ દ્વારા સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય ખાનગી મકાનનો કબજો લઇને ભાડે રાખ્યા બાદ ભાડા મંજૂરીની દરખાસ્ત પશ્ચાતવર્તી અસરથી મંજૂરી અર્થે મોકલે છે. જે નિયમો સાથે જરાપણ સુસંગત નથી. આથી સંબંધિત સત્તાધિકારીશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ મકાન ભાડે રાખવાનુ રહેશે.

૩. અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ માટે ભાડે રાખવામાં આવતા ખાનગી મકાન માટે તેમજ ભાડે રખાયેલ ખાનગી મકાનના રીન્યુઅલ કરવાની દરખાસ્ત માટે માર્ગદર્શક નીવડે તે હેતુથી નીચે મુજબની સૂચનાઓ આથી પરિપત્રીત કરવામાં આવે છે.

**(અ) સરકારી છાત્રાલયો(અ.જા.) તેમજ આદર્શ નિવાસી શાળા (અ.જા.) માટે ખાનગી મકાનનું મકાનભાડુ માસિક રૂ.૫૦,૦૦૦/- થી ઓછુ હોય ત્યારે:**

(૧) અ.જા.ક. પ્રભાગ હસ્તકની આ.નિ.શા. તેમજ સરકારી છાત્રાલયો માટેના નવું ખાનગી મકાન ભાડે રાખતી વખતે **પરિશિષ્ટ-અ** મુજબના ચેકલિસ્ટની વિગતો સંપુર્ણ ભર્યા પછી નિયામકશ્રી,અ.જા.ક. દ્વારા પ્રમાણિત કરીને આ વિભાગની જરૂરી મંજૂરી મેળવવાની રહેશે.

(૨) એક વખત ખાનગી મકાનને ભાડે રાખવાની આ વિભાગની મંજૂરી મળેલ હોય તેવા કિસ્સામાં સદરહું ખાનગી મકાનને **રીન્યુઅલ** કરવાની દરખાસ્ત મોકલતી વખતે **પરિશિષ્ટ-બ** મુજબના ચેકલિસ્ટની વિગતો સંપુર્ણ ભર્યા પછી નિયામકશ્રી,અ.જા.ક. દ્વારા પ્રમાણિત કરીને આ વિભાગની જરૂરી મંજૂરી મેળવવાની રહેશે.

(3) જ્યારે ભાડાની રકમમાં અથવા ખાનગી મકાનના ક્ષેત્રફળમાં જો કોઈ ફેરફાર થતો હોય તો **પરિશિષ્ટ-બ** મુજબના ચેકલિસ્ટની વિગતો સંપુર્ણ ભર્યા પછી નિયામકશ્રી,અ.જા.ક. દ્વારા પ્રમાણિત કરીને આ વિભાગની જરૂરી મંજૂરી મેળવવાની રહેશે.

**(બ) સરકારી છાત્રાલયો તેમજ આદર્શ નિવાસી શાળા માટે ખાનગી મકાનનું મકાનભાડુ માસિક રૂ.૫૦, ૦૦૦/- થી વધુ હોય ત્યારે:**

(૧) અ.જા.ક. પ્રભાગ હસ્તકની આ.નિ.શા. તેમજ સરકારી છાત્રાલયો માટેના નવું ખાનગી મકાન ભાડે રાખતી વખતે **પરિશિષ્ટ-અ** મુજબના ચેકલિસ્ટની વિગતો તેમજ નાણાવિભાગના તા.૧૨/૦૯/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક:- મકન/૧૦૨૦૧૪/૧૧૮૧/ઝ મુજબનું નિયત ચેકલિસ્ટ ભરીને નિયામકશ્રી,અ.જા.ક. દ્વારા પ્રમાણિત કરીને નાણા વિભાગની મંજૂરી માટે વિભાગને રજૂ કરવાની રહેશે.

(૨) એક વખત ખાનગી મકાનને ભાડે રાખવાની આ વિભાગની મંજૂરી મળેલ હોય તેવા કિસ્સામાં સદરહું ખાનગી મકાનને **રીન્યુઅલ** કરવાની દરખાસ્ત મોકલતી વખતે **પરિશિષ્ટ-બ** મુજબના ચેકલિસ્ટની વિગતો તેમજ નાણાવિભાગના તા.૧૨/૦૯/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક:- મકન/૧૦૨૦૧૪/૧૧૮૧/ઝ મુજબનું નિયત ચેકલિસ્ટ ભરીને નિયામકશ્રી,અ.જા.ક. દ્વારા પ્રમાણિત કરીને નાણા વિભાગની મંજૂરી માટે વિભાગને રજૂ કરવાની રહેશે.

(3) જ્યારે ભાડાની રકમમાં અથવા ખાનગી મકાનના ક્ષેત્રફળમાં જો કોઈ ફેરફાર થતો હોય તો **પરિશિષ્ટ-બ** મુજબના ચેકલિસ્ટની વિગતો તેમજ નાણાવિભાગના તા.૧૨/૦૯/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક:- મકન/૧૦૨૦૧૪/૧૧૮૧/ઝ મુજબનું નિયત ચેકલિસ્ટ ભરીને નિયામકશ્રી,અ.જા.ક. દ્વારા પ્રમાણિત કરીને નાણા વિભાગની મંજૂરી માટે વિભાગને રજૂ કરવાની રહેશે.

(૪) વધુમાં,સદર બાબતે નાણા વિભાગની વખતોવખતની સૂચનાઓ/પરિપત્ર/ચેકલીસ્ટ ધ્યાને લઈને દરખાસ્ત કરવાની રહેશે.

આ પરિપત્ર વિભાગના સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૩/૦૭/૨૦૨૬ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

<u>**નકલ રવાના**</u> :

- અધિક અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, સચિવશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, સા.ન્યા., સચિવાલય, ગાંધીનગર
- નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે નાયબ નિયામકશ્રી(તમામ જિલ્લાઓ), અનુસૂચિત જાતિ કલ્યાણ (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી(તમામ જિલ્લાઓ), માર્ગ અને મકાન વિભાગ (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ – ૨૦૨૬

*Signature Not Verified*
*Signed by:SantoshKumar Sureshbhai Vasava*
*Section Officer*
*Date:2026.07.18 15:50:36 +5:30*

## પરિશિષ્ટ – અ

અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના સરકારી છાત્રાલયો તેમજ આદર્શ નિવાસી શાળાઓ માટે ખાનગી મકાન ભાડે રાખવાબાબત :

| ક્રમ | મુદ્દાઓ | દરખાસ્ત સાથે રજૂ કરાયેલ વિગતો |
|---|---|---|
| ૦૧ | સંસ્થા(સ.છા./આ.નિ.શા.)(કુમાર/કન્યા)નું નામ | |
| ૦૨ | સંસ્થા ખાતેની હાલની માન્ય સંખ્યા | |
| ૦૩ | સંસ્થા ખાતે પ્રવેશ પામેલ/નોંધાયેલ સંખ્યા | |
| ૦૪ | મકાન ભાડે રાખવા અંગે સ્થાનીક સમાચારપત્રમાં જાહેરાત આપવામાં આવેલ છે કે કેમ? (જાહેરાતની નકલ સામેલ રાખવી / જાહેરાત ન આપવાના કારણો રજૂ કરવા) | |
| ૦૫ | મુદ્દા નં – ૦૪ના અનુસંધાને કુલ કેટલી અરજીઓ મળી તે વિષયક તુલનાત્મક પત્રક રજુ કરવુ. તે પૈકી ભાડે રાખવા યોગ્ય મકાન અન્ય મકાનો કરતા કઈ રીતે યોગ્ય છે તે બાબતે અભિપ્રાય. | |
| ૦૬ | મકાન માલીકનું નામ અને સરનામું. | |
| ૦૭ | ભાડે રાખવાના થતા સૂચિત ખાનગી મકાનનું પુરૂ સરનામુ | |
| ૦૮ | ભાડે રાખવામાં આવનાર મકાનમાં કુલ કેટલા છાત્રો/છાત્રાઓનો સમાવેશ થઈ શકશે? | |
| ૦૯ | ભાડે રાખવામાં આવનાર મકાનની વિગતો જેવી કે,<br>૧.અદ્યતન રંગીન ફોટોગ્રાફ્સ<br>૨.રૂમોની સંખ્યા & ક્ષેત્રફળ અને મકાનનો ક્ષેત્રફળ વિસ્તાર .<br>૩.રસોડાની વિગત,<br>૪.સંડાસ-બાથરૂમની સંખ્યા<br>૫.વોર્ડન/આસી.લેડી સુપ્રિ.શ્રી માટેના રહેઠાણની વિગત<br>૬.પીવાના પાણીની સુવિધા અને વિજળીની સુવિધા(ટયુબલાઈટ, પંખા વગેરે)<br>૭.ફાયર એન.ઓ.સી. લિધેલ છે કે કેમ?<br>૮.સી.સી.ટી.વી. કેમેરા લગાવાયેલ છે કે કેમ ?<br>ઉપરોક્ત વિગતે સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી, અજાકનો સદર મકાનની રૂબરૂ સ્થળ તપાસણી અંગેનો પ્રમાણિત અહેવાલ. | |
| ૧૦ | સ્થાનિક સંસ્થાએ કરેલ મકાનના ટેક્સનું આકારણી પત્રક / લાઈટ બીલની નકલ / કબ્જા પાવતીની વિગત. | |
| ૧૧ | • મકાનભાડે આપવા માટે મકાનની તમામ વિગત સાથેનું મકાન માલિકનું અરજી પત્રક<br>• મકાનમાં છાત્રાલય/આ.નિ.શા.ને અનુરૂપ ભવિષ્યલક્ષી સુધારા વધારા કરી આપવા બાબતનું મકાન માલિકનું લેખીત સંમતિપત્રક | |
| ૧૨ | મકાન ભાડે રાખ્યા અંગેની ભાડા ચિઠ્ઠી | |

| | | |
|---|---|---|
| ૧૩ | સંયુક્ત ખાનગી માલિકીના મકાનના કેસમાં ડીડ ઓફ પાર્ટનરશીપ રજૂ કરવું. તેમજ મકાનના માલિકી હક સંબંધે કોઈ વિવાદ નથી/કોર્ટ કેસ પેંડીગ નથી તે બાબતનું સંમતિપત્ર રજૂ કરવું. | |
| ૧૪ | સદર ખાનગી મકાન કેટલા વર્ષ માટે ભાડે રાખવાનું આયોજન છે? | |
| ૧૫ | ભાડે રાખવામાં આવેલ મકાન માટે કેટલું માસિક ભાડુ નિયત કરવામાં આવે છે? તે અંગેના સંબંધિત માર્ગ અને મકાન કચેરીના સક્ષમ સત્તાધિકારીનું તારીખ અને સહિવાળુ ગણતરીપત્રક સામેલ રાખવું. | |
| ૧૬ | • મુદ્દા નં ૧૫ના અનુસંધાને વ્યાજબી ભાડા અંગેનું સંબંધિત માર્ગ અને મકાન કચેરીના સક્ષમ સત્તાધિકારીનું તારીખ અને સહિવાળુ પ્રમાણપત્ર<br>• તેમજ જો મકાનભાડુ વધારે જણાયેલ હોય તો નિગોશીયેશન માટે પ્રયત્નો કરાયેલ છે કે કેમ? જો હા તો નિગોશીયેશન પહેલા અને પછીના ભાડાની વિગત. | |
| ૧૭ | સંસ્થા માટે સરકારી મકાન ઉપલબ્ધ ન હોવા અંગેનું સંબંધિત માર્ગ અને મકાન કચેરીના સક્ષમ સત્તાધિકારીનું તારીખ અને સહિવાળુ પ્રમાણપત્ર | |
| ૧૮ | ભાડે રાખવામાં આવેલ મકાનના સ્થાનિક વેરાઓ ક્યા પક્ષકારે ભરવાના રહેશે? | |
| ૧૯ | મકાનનો કબજો કઈ તારીખથી લેવાનું આયોજન છે તે અંગેની વિગત. | |
| ૨૦ | સદર સંસ્થા માટે સરકારી જમીન મેળવવા માટે શુ કાર્યવાહી કરેલ છે તેમજ બાંધકામની પૂર્ણ થવા અંગેની સંભવિત સમયસીમા તેમજ સદર સંસ્થાના મકાન બાંધકામ અંગેની વહીવટી મંજૂરીનો ઠરાવ | |

**<u>પ્રમાણપત્ર :</u>**

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે, સરકારી ....... છાત્રાલય(અ.જા.)/ આદર્શ નિવાસી શાળા(..../અ.જા.), મુ.પો. ......તા.......જિ..... માટે ભાડે રાખવામાં આવનાર ઉપર જણાવેલ સ્થળે સ્થિત ખાનગી માલિકીના મકાનની વિગતો સાચી છે તેમજ મકાન સદર સંસ્થા માટે અનુકૂળ તેમજ પૂરતી સુવિધાવાળુ છે. મકાનના નકશા મુજબનું બાંધકામ કાયદેસરનું છે તથા તેના માલિકીહક્ક બાબતે હોઈ વિવાદ નથી તેમજ કોર્ટ કેસ પડતર નથી, તે અંગેની મે જાતે સ્થળ તપાસણી કરેલ છે, જેની આથી ખાતરી આપું છું.

સ્થળ : નાયબ નિયામક

તારીખ : અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

જિ.............

સરકારી ......છાત્રાલય(અ.જા.)/આદર્શ નિવાસી શાળા, મુ.પો.......... તા........... જિ.........માટે ઉપરોક્ત ખાનગી મકાનની ભાડે રાખવા અંગે નિયામકશ્રી(અ.જા.ક.)નો અભિપ્રાય:

નિયામક

અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

Signature Not Verified

Signed by:SantoshKumar
Sureshbhai Vasava
Section Officer
Date:2026.07.18
15:51:30 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

## પરિશિષ્ટ-બ

અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના સરકારી છાત્રાલયો તેમજ આદર્શ નિવાસી શાળાઓ માટે ભાડે રાખેલ ખાનગી મકાનની રીન્યુઅલ કરવા બાબત અથવા ભાડાની રકમમાં અથવા ખાનગી મકાનના ક્ષેત્રફળમાં ફેરફાર બાબત :

| ક્રમ | મુદ્દાઓ | દરખાસ્ત સાથે રજૂ કરાયેલ વિગતો |
|---|---|---|
| ૦૧ | સંસ્થા(સ.છા./આ.નિ.શા.)(કુમાર/કન્યા)નું નામ | |
| ૦૨ | અગાઉ મંજૂર કરેલ મકાનભાડા અંગેની નીચે મુજબની વિગત<br>૧.વિભાગની તમામ યાદીની નકલ તેમજ યાદીના અનુસંધાને નિયામક,અજાક કચેરીકક્ષાએથી કરાયેલ તમામ હુકમોની નકલ<br>૨.ખાનગી મકાનમાલીકનું નામ અને સરનામું<br>૩.ભાડે રખાયેલ મકાનનું પુરૂ સરનામું | |
| ૦૩ | સંસ્થા ખાતેની હાલની માન્ય સંખ્યા તેમજ પ્રવેશ પામેલ/નોંધાયેલ સંખ્યા | |
| ૦૪ | નવેસરથી મકાન ભાડે મેળવવા અંગે સ્થાનિક સમાચારપત્રમાં જાહેરાત આપવામાં આવેલ છે કે કેમ? (જાહેરાતની નકલ સામેલ રાખવી / જાહેરાત ન આપવાના કારણો રજૂ કરવા) | |
| ૦૫ | મુદ્દા નં ૦૪ અન્વયે કેટલી અરજીઓ મળી તેનું તુલનાત્મક પત્રક રજુ કરવુ. તે પૈકી ભાડે રાખવા યોગ્ય મકાન અન્ય મકાનો કરતા કઈ રીતે યોગ્ય છે તે બાબતે અભિપ્રાય. | |
| ૦૬ | ભાડે રાખવામાં આવનાર મકાનમાં કુલ કેટલા છાત્રો/છાત્રાઓનો સમાવેશ થઈ શકશે? | |
| ૦૭ | ભાડે રાખવામાં આવનાર મકાનની વિગતો જેવી કે,<br>૧.અદ્યતન રંગીન ફોટોગ્રાફ્સ<br>૨.રૂમોની સંખ્યા & ક્ષેત્રફળ અને મકાનનો ક્ષેત્રફળ વિસ્તાર<br>૩.રસોડાની વિગત,<br>૪.સંડાસ-બાથરૂમની સંખ્યા<br>૫.વોર્ડન/આસી.લેડી સુપ્રિ.શ્રી માટેના રહેઠાણની વિગત<br>૬.પીવાના પાણીની સુવિધા અને વિજળીની સુવિધા(ટયુબલાઈટ, પંખા વગેરે)<br>૭.ફાયર એન.ઓ.સી. લિધેલ છે કે કેમ?<br>૮.સી.સી.ટી.વી. કેમેરા લગાવાયેલ છે કે કેમ ?<br>ઉપરોક્ત વિગતે સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી, અજાકનો સદર મકાનની રૂબરૂ સ્થળ તપાસણી અંગેનો પ્રમાણિત અહેવાલ. | |
| ૦૮ | સ્થાનિક સંસ્થાએ કરેલ મકાનના ટેક્સનું આકારણી પત્રક / લાઈટ બીલની નકલ / કબ્જા પાવતીની વિગત. | |
| ૦૯ | મકાનભાડે આપવા તેમજ મકાનમાં છાત્રાલયને અનુરૂપ સુધારા વધારા કરી આપવા બાબતનું મકાન માલિકનું લેખીત સંમતિપત્રક | |
| ૧૦ | મકાન ભાડે રાખ્યા અંગેની ભાડા ચિઠ્ઠી | |

| | | |
|---|---|---|
| ૧૧ | સંયુક્ત ખાનગી માલિકીના મકાનના કેસમાં ડીડ ઓફ પાર્ટનરશીપ રજૂ કરવું. તેમજ મકાનના માલિકી હક સંબંધે કોઈ વિવાદ નથી/કોર્ટ કેસ પેંડીગ નથી તે બાબતનું સંમતિપત્ર રજૂ કરવું. | |
| ૧૨ | નવો ભાડા કરાર કેટલા વર્ષ માટે કરવાનું આયોજન છે? | |
| ૧૩ | ભાડે રાખવામાં આવેલ મકાન માટે કેટલું માસિક ભાડુ નિયત કરવામાં આવે છે? તે અંગેના સંબંધિત માર્ગ અને મકાન કચેરીના સક્ષમ સત્તાધિકારીનું તારીખ અને સહિવાળુ ગણતરીપત્રક સામેલ રાખવું. | |
| ૧૪ | મુદ્દા નં ૧૩ના અનુસંધાને વ્યાજબી ભાડા અંગેનું સંબંધિત માર્ગ અને મકાન કચેરીના સક્ષમ સત્તાધિકારીનું તારીખ અને સહિવાળુ પ્રમાણપત્ર | |
| ૧૫ | સંસ્થા માટે સરકારી મકાન ઉપલબ્ધ ન હોવા અંગેનું સંબંધિત માર્ગ અને મકાન કચેરીના સક્ષમ સત્તાધિકારીનું તારીખ અને સહિવાળુ પ્રમાણપત્ર | |
| ૧૬ | ભાડે રાખવામાં આવેલ મકાનના સ્થાનિક વેરાઓ ક્યા પક્ષકારે ભરવાના રહેશે? | |
| ૧૭ | મકાનનો કબજો કઈ તારીખથી લેવાનું આયોજન છે તે અંગેની વિગત. | |
| ૧૮ | સદર સંસ્થા માટે સરકારી જમીન મેળવવા માટે શુ કાર્યવાહી કરેલ છે તેમજ બાંધકામની પૂર્ણ થવા અંગેની સંભવિત સમયસીમા તેમજ સદર સંસ્થાના મકાન બાંધકામ અંગેની વહીવટી મંજૂરીનો ઠરાવ | |
| ૧૯ | ભાડે રાખેલ ખાનગી મકાનમાં ચાલતા છાત્રાલયની ક્ષેત્રીય કચેરી દ્વારા નિયમિત સ્થળ તપાસ/ચકાસણી કરવામાં આવેલ છે કે કેમ? જો હા તો તેનો વિગતવાર અહેવાલ અને જો ના તો નિયમિત સ્થળ તપાસ/ચકાસણી કેમ થયેલ નથી તેના સ્પષ્ટ કારણો રજૂ કરવા. | |

**<u>પ્રમાણપત્ર :</u>**

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે, સરકારી ....... છાત્રાલય(અ.જા.)/ આદર્શ નિવાસી શાળા(..../અ.જા.), મુ.પો. ......તા.......જિ..... માટે ભાડે રાખવામાં આવનાર ઉપર જણાવેલ સ્થળે સ્થિત ખાનગી માલિકીના મકાનની વિગતો સાચી છે તેમજ મકાન સદર સંસ્થા માટે અનુકૂળ તેમજ પૂરતી સુવિધાવાળુ છે. મકાનના નકશા મુજબનું બાંધકામ કાયદેસરનું છે તથા તેના માલિકીહક્ક બાબતે હોઈ વિવાદ નથી તેમજ કોર્ટ કેસ પડતર નથી, તે અંગેની મે જાતે સ્થળ તપાસણી કરેલ છે, જેની આથી ખાતરી આપું છું.

સ્થળ : નાયબ,નિયામક

તારીખ : અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

જિ..............

સરકારી ......છાત્રાલય(અ.જા.)/આદર્શ નિવાસી શાળા, મુ.પો.......... તા........... જિ.........માટે ઉપરોક્ત ખાનગી મકાનની ભાડે રાખવા અંગે નિયામકશ્રી(અ.જા.ક.)નો અભિપ્રાય:

નિયામક

અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર